# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) સૌ ભણે, સૌ આગળ વધેની નેમ સાથે આજથી રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ
2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કઠોળ અને તેલીબિયાંની ખરીદીમાં મધ્યસ્થીઓની ભૂમિકાને દૂર કરવા પર ભાર આપ્યો
3) કચ્છને દેશના વિવિધ શહેરો સાથે જોડતી વિમાન સેવા આજથી શરૂ
4) રાજ્યમાં બે-ત્રણ દિવસમાં ચોમાસું સત્તાવાર રીતે બેસે તેવી હવામાન ખાતાની આગાહી
5) એશિયન વોલિબોલ ચેમ્પિયનશીપ મેન્સ કપ 2026માં આજે ભારત અને બહેરીન વચ્ચે મુકાબલો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PRAVESHOTSAV

સૌ ભણે, સૌ આગળ વધેની નેમ સાથે આજથી રાજ્યભરની શાળાઓમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. મહેસાણાના વડનગરની બી.એન.હાઈસ્કુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 390 જેટલા બાળકોનું નામાંકન કરાવ્યું. આ પ્રસંગે તેમણે બાળકોના 100 ટકા નામાંકનથી શિક્ષણ સેવા યજ્ઞને વધુ વેગવાન બનાવવા આહ્વાન કર્યું. તેમણે કહ્યું, શાળા પ્રવેશોત્સવ અભિયાનના પરિણામે શાળા છોડવાનો દર એટલે કે ડ્રોપઆઉટ રેશિયો 37 ટકાથી ઘટીને એક ટકાથી પણ ઓછો થયો.

આ ત્રણ દિવસીય પ્રવેશોત્સવ દરમિયાન સમગ્ર રાજ્યની 38 હજાર 400 શાળાઓમાં 28 લાખ 58 હજાર જેટલા બાળકોને પ્રવેશ કરાવાશે.

# CM VADNAGAR VISIT

મહેસાણાની મુલાકાત દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વડનગરમાં નિર્માણાધીન અત્યાધુનિક ‘સંગીત સંગ્રહાલય’ની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સંગ્રહાલયના વિવિધ વિભાગો અને પ્રદર્શિત થનારી સામગ્રી અંગે અધિકારીઓ પાસેથી વિગતવાર જાણકારી મેળવી અને પ્રોજેક્ટની કામગીરી સમયસર પૂર્ણ કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ મહત્વાકાંક્ષી સંગીત સંગ્રહાલય વડનગરની ખ્યાતનામ લોકગાયિકા બહેનો તાના-રીરીની પવિત્ર સ્મૃતિને સમર્પિત છે.

મુખ્યમંત્રીએ ‘પ્રેરણા સંકુલ’ની પણ આજે મુલાકાત લીધી જ્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રારંભિક શિક્ષણ મેળવ્યું હતું. શ્રી પટેલે વડનગરની ઐતિહાસિક ધરોહરને સાચવવા માટે પ્રગતિ હેઠળ રહેલા મહત્વકાંક્ષી હેરિટેજ પ્રિસિંક્ટ ડેવલપમેન્ટ અને ફસાડ રિસ્ટોરેશન પ્રોજેક્ટની પણ મુલાકાત લીધી.

# SHALA-PRAVESHOTSAV

પ્રગતિનો પ્રવેશોત્સવની વિષયવસ્તુ સાથે રાજ્યભરમાં આજે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત થઈ. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, શાળાના પ્રથમ દિવસે બાળકોના ચહેરા પર જોવા મળતી ખુશી અને ઉત્સાહ એ જ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સાચી સિદ્ધિ છે. ગાંધીનગર જિલ્લાના અડાલજની 3 સરકારી શાળાઓના કુલ 402 વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવતા તેમણે આ વાત કહી.

**(BYTE : HARSH SANGHAVI, DY. CM)**

શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાએ ગીરસોમનાથના ગીરગઢડામાં, રિવાબા જાડેજાએ સાબરકાંઠાના પોશીનામાં, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગરમાં 135 વિદ્યાર્થીઓને શાળામાં આવકાર્યા. અમદાવાદમા મંત્રી ઋષિકેશ પટેલે, મંત્રી દર્શનાબેન વાઘેલાએ સાણદમાં મંત્રી કુંવરજી બાવળીયાએ રાજકોટમાં, મંત્રી ત્રિકમ છાંગાએ કચ્છના અંજાર ખાતે પ્રવેશોત્સવમાં ભાગ લીધો. ડાંગના સુબીર ખાતે મંત્રી ઈશ્વરસિંહ પટેલે, મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ખેડાના ચકલાસી ખાતે, ડીસા ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણમાળીએ અને નવસારીમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો.

# BHARUCH STUDENTS

ભરૂચ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન 685 વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જેમાં ભરૂચ તાલુકામાં 184 અને અંકલેશ્વર તાલુકામાં 183 વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં એડમિશન લીધું છે. ઉપરાંત વાગરા, જંબુસર, આમોદ, નેત્રંગ, હાંસોટ, ઝઘડીયા અને વાલીયા તાલુકામાં પણ કેટલાક વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ વળ્યા હોવાનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહે જણાવ્યું.

(BYTE : SACHIN SHAH, DPEO)

# AMIT SHAH NAFED

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ખેડૂતોની સીધી ભાગીદારીને મજબૂત બનાવવા માટે ખરીદીમાં મધ્યસ્થીઓની ભૂમિકાને દૂર કરવા પર ભાર આપ્યો. આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ ફેડરેશન-NAFEDના હરાજી પોર્ટલનો શુભારંભ કરતાં શ્રી શાહે કહ્યું કે, લઘુત્તમ ટેકાના ભાવના સંપૂર્ણ લાભ ખેડૂતો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે કઠોળ અને તેલીબિયાંની ખરીદી ખેડૂતો પાસેથી સીધી રીતે થવી જોઈએ.

(BYTE : AMIT-SHAH-DALHAN—PROFIT)

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી શાહે NAFEDની અનેક મહત્વની ડિજિટલ અને ખેડૂત-કેન્દ્રિત પહેલો પણ શરૂ કરી. આમાં ખેડૂતોના બાળકો માટે NAFED-કલ્યાણ શિષ્યવૃત્તિ, કઠોળ અને તેલીબિયાંના ઇન્વેન્ટરી મેનેજમેન્ટ માટે DRISHTI પોર્ટલ અને એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગને મજબૂત બનાવવા માટે ERP પોર્ટલનો સમાવેશ થાય છે.

# QATAR GAS TRAGEDY

કતારમાં ગેસ દુર્ઘટના બાદ દક્ષિણ ગુજરાતનાં ચાર યુવકની ભાળ મળી નથી. સુરતનો યુવક સની પટેલ કતારમાં એક કંપનીમાં મિકેનિકલ ફિટર તરીકે ફરજ બજાવે છે. દુર્ઘટના સમયે તે રાત પાળીમાં ડ્યુટી પર હાજર હતો. સની જે કંપનીમાં કામ કરતો હતો તેમાં નવસારીના બે યુવકો અને દમણનો એક યુવક પણ સામેલ હતો. આ તમામની સ્થિતિ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે કતારના ઊર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર આ એક તકનિકી દુર્ઘટના હતી. હાલ રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

# SLBC MEET

બેંક ઓફ બરોડા દ્વારા રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિની 189મી બેઠક આજે અમદાવાદ ખાતે યોજાઈ. સમિતિના ગુજરાતના અધ્યક્ષ લાલ સિંહના વડપણ હેઠળ યોજાયેલી આ બેઠકમાં રાજ્યના બેન્કિંગ ક્ષેત્રના પ્રદર્શનની સમીક્ષા કરાઇ. જેમાં રાજ્યની કુલ થાપણો 14 લાખ 65 હજાર કરોડને પાર થઈ ગઈ હોવાનું ધ્યાને આવ્યું, જ્યારે કુલ ધિરાણ 13 લાખ 40 હજાર કરોડથી વધુ રહ્યું. રાજ્યનો ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો વધીને 91.46 ટકા પર પહોંચ્યો છે. સમિતિ દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટેની વાર્ષિક ધિરાણ યોજનાને પણ મંજૂરી આપવામાં આવી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# VGRC

મધ્ય ગુજરાતના ઔદ્યોગિક, આર્થિક અને સામાજિક વિકાસને નવી દિશા આપવા માટે 29 અને 30 જૂને વડોદરાની GSFC યુનિવર્સિટી ખાતે વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- VGRC મધ્ય ગુજરાત યોજાશે. તેના ભાગરૂપે 29 જૂનથી 3 જુલાઈ દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શન- VGRE પણ યોજાશે, જે પ્રદેશની ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને વિકાસ ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન બનશે. આશરે 8 હજાર 200 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું આ પ્રદર્શન રોજ સવારે 10 વાગ્યાથી સાંજે 5:30 વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

રાજ્યના MSME ક્ષેત્ર, સ્ટાર્ટઅપ્સ, કારીગરો, મહિલા ઉદ્યોગસાહસિકો, આદિવાસી ઉત્પાદકો અને અગ્રણી ઉદ્યોગોને એક જ મંચ પર લાવતું આ પ્રદર્શન વેપાર, રોકાણ અને સહયોગની નવી તકોનું સર્જન કરશે.

# BHAVNAGAR-TASK-FORCE

ભાવનગર જિલ્લા ટાસ્કફોર્સ કમિટી દ્વારા ચાર સગીર બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવાયા. ભાવનગર શહેરના તળાજા રોડ વિસ્તારમાં આવેલા એક ગાર્ડન રેસ્ટોરન્ટ અને હોટલમાં તપાસ હાથ ધરાઈ હતી. સહાયક શ્રમ અધિકારી દ્વારા બાળકોની કાયદેસરની તપાસ તેમજ જરૂરી સંરક્ષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટાસ્કફોર્સ કમિટી દ્વારા બાળમજૂરી પ્રથાને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે વિવિધ વિસ્તારોમાં જાગૃતિ માટેના કાર્યક્રમો પણ યોજાઇ રહ્યા છે.

# MUNDRA-GOA FLIGHT

કચ્છને ગોવા સાથે જોડતી વિમાન સેવા આજથી શરૂ થઈ. અદાણી મુંદ્રા આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર, આજે પ્રથમ વાણિજ્યિક ફ્લાઇટનું સફળ ઉતરાણ થયું. ગોવાથી સ્ટાર એરની ફ્લાઇટ ઉતરતાં જ, તેનું વોટર કેનન સલામી સાથે સ્વાગત કરવામાં આવ્યું. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના નિયામક જીત અદાણીએ કહ્યું, આ હવાઈ સેવાની શરૂઆતથી મુંદ્રાના સ્થાનિક વ્યવસાય અને પ્રવાસનને પ્રોત્સાહન મળશે. પહેલાં મુંદ્રા પહોંચવા માટે લોકોને એક કે બે જગ્યાએ રોકાઈને લાંબી યાત્રા કરવી પડતી હતી, પરંતુ હવે આ સેવાના કારણે મુસાફરીનો સમય ઘણો ઓછો થઈ ગયો છે.

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડામાં રિક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ત્રણ લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે એછવાડા ગામના બસ સ્ટેશન નજીક આ અકસ્માતની ઘટના બની. મૃતકો પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના હોવાની વિગત મળી છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# WEATHER

રાજ્યમાં બે-ત્રણ દિવસમાં ચોમાસું સત્તાવાર રીતે બેસે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે. દરમિયાન દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં આજે વરસાદનું યલો એલર્ટ પણ જાહેર કર્યું છે. સુરત, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના ભારે વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં પણ ભારે વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

(BYTE : DR. A. K. DAS, IMD DIRECTOR)

# AVC MEN'S CUP 2026

અમદાવાદમાં રમાઈ રહેલાં એશિયન વોલિબોલ ચેમ્પિયનશીપ મેન્સ કપ 2026માં આજે ન્યૂઝીલેન્ડ અને કઝાકિસ્તાને વિજય મેળવ્યો. દિવસની પ્રથમ મેચમાં ન્યૂઝીલેન્ડે ઓસ્ટ્રેલિયાને 3-2થી હરાવ્યું, જ્યારે બીજી મેચમાં ચાઈનીઝ તાઈપેઈ સામે કઝાકિસ્તાને 3-1થી વિજય મેળવ્યો. યજમાન ભારતની ટીમ આજે રાત્રે નવ વાગ્યે બહેરીન સામે મહત્વપૂર્ણ મેચ રમશે.